# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-02-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

**1)** **રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ આજથી રાજ્યના ચાર દિવસના પ્રવાસે- કેવડીયાથી પ્રવાસનો પ્રારંભ કરશે**

**2)** **સુરતના શિવશક્તિ માર્કેટમાં 24 કલાકમાં ફરી લાગેલી આગમાં 150થી વધુ દુકાનો બળીને ખાખ- 30 કરોડ રૂપિયાથી વધુનું નુકસાન**

**3)** **બનાસકાંઠાના પાલનપુરની ડેરીમાંથી ચાર હજાર કિલો ભેળસેળયુક્ત ઘી જપ્ત કરાયું**

**4)** **બમ બમ, ભોલેના નાદ સાથે સોમનાથ, નાગેશ્વર સહિત રાજ્યના શિવાલયોમાં મહાશિવરાત્રિ પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી–પ્રયાગરાજમાં મહાકુંભનું આજે સમાપન**

**5)** **અમદાવાદના 614મા સ્થાપના દિવસ નિમિતે નગરદેવી ભદ્રકાળી માતાની પ્રથમ વખત નગરયાત્રા યોજાઇ**

.......................................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PREZ GUJARAT VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ગુજરાતનાં ચાર દિવસના પ્રવાસે આવી પહોંચ્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા સહિતના મહાનુભાવોએ વડોદરા એરપોર્ટ ખાતે રાષ્ટ્રપતિનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિએ તેમના પ્રવાસનો પ્રારંભ કેવડીયા ખાતેથી કરશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વ્યુઈંગ ગેલેરી, પ્રદર્શન કક્ષ, લાઈટ એન્ડ સાઉન્ડ શો નિહાળી નર્મદા ઘાટ ખાતે નર્મદા આરતીમાં સહભાગી થશે. તેમની ચાર દિવસની યાત્રા દરમિયાન કેવડીયા અને કચ્છ જીલ્લામાં વિવિધ સ્થળોની મુલાકાત લેશે. આ ઉપરાંત તેઓ અમદાવાદ અને ગાંધીનગરમાં બે પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. સાંભળીએ એક અહેવાલ..

**(વોઇસ કાસ્ટ – અપર્ણા ખૂંટ )**

*રાષ્ટ્રપતિ આજે વહેલી સવારે એકતાનગર ખાતેના આરોગ્યવન, મિયાવાકી ફોરેસ્ટ, જંગલ સફારી પાર્ક, સરદાર સરોવર ડેમ, અને એકતા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાત કરશે અને તાલીમાર્થીઓ સાથે સંવાદ કરશે. ત્યાર બાદ તેઓ અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલી રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા- N.I.D.ના 44મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં રાષ્ટ્રપતિ વિદ્યાર્થીઓને સંબોધન કરશે. આ વર્ષે 430 વિદ્યાર્થીઓને ડિઝાઇનની વિવિધ શાખાઓમાં પદવી એનાયત કરવામાં આવશે. અપર્ણા ખૂંટ આકાશવાણી સમાચાર અમદાવાદ*

# SURAT AAG

સુરતના શિવશક્તિ કાપડ માર્કેટમાં 24 કલાકમાં ફરી લાગેલી આગમાં 150થી વધુ દુકાનો બળીને ખાખ થઈ છે. જ્યારે 800 જેટલી દુકાનોને અસર થઈ છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પ્રાથમિક તપાસ અહેવાલો સૂચવે છે કે શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોઈ શકે છે. ફાયરની ટીમ આગને કાબૂમાં લેવા પ્રયાસ કરી રહી છે. સાંભળીએ અમારા પ્રતિનિધિ લોપા દરબારનો અહેવાલ..

(વોઇસ કાસ્ટ: લોપા દરબાર )

# DEESA FOOD AND DRUGS

નાગરિકોના આરોગ્ય સામે ચેડા કરવા ભેળસેળયુક્ત ઘી વેચતી બનાસકાંઠાના પાલનપુરની એક ડેરીનું લાયસન્સ રદ કરવામાં આવ્યું છે. આ ડેરીમાંથી સત્તર લાખ પચાસ હજારની કિંમતનું ચાર હજાર કિલો ભેળસેળયુક્ત ઘી જપ્ત કરાયું હતું. આ દરોડા દરમિયાન ઘીના અગિયાર નમૂના લેવાયા હતા જે ખાદ્ય સલામતીના નિયમો અનુસાર ન જણાતા આ ડેરી સામે કાર્યવાહી કરવામં આવી હોવાની માહિતી રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. હેમંત કોશિયાએ આપી હતી.

**(બાઇટ- ડો. હેમંત કોશિયા , કમિશ્નર , ફૂડ એન્ડ ડ્રગ્સ)**

બનાસકાંઠાના ખોરાક અને ઔષધ નિયમન તંત્રને મળેલી બાતમીના આધારે આ ડેરીમાં તપાસ કરવામાં આવતાં લાયસન્સ રદ કરાયું હોવા છતા પણ ઘી બનાવીને રાજસ્થાન મોકલવાનુ હતું. પરંતુ આ ડેરી દ્વારા ભેળસેળયુક્ત ઘી રાજસ્થાન પહોંચે તે પહેલાં જ તેને જપ્ત કરી દેવાયું હતું. આ વેપારી પર ખાદ્યતેલ અને મરચાંમાં કલર ભેળવવાના કેસમાં સજા અને દંડ પણ કરવામા આવ્યો હતો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MAHASHIVRATRI-1

રાજ્ય સહિત સમગ્ર દેશમાં આજે શિવજીની આરાધનાનું પર્વ મહાશિવરાત્રિની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી. બાર જ્યોતિર્લિંગ પૈકીનું એક શ્રી સોમનાથ મહાદેવ મંદિર ખાતે આજે વહેલી સવારે 4 વાગ્યે મંદિરના કપાટ ખૂલતાં જ ભક્તોનો પ્રવાહ ઉમટી પડ્યો હતો. "ૐ નમઃ શિવાય" અને "જય સોમનાથ" ના ઘોષ સાથે સમગ્ર મંદિર પરિસર ગૂંજી ઉઠ્યું. આ પર્વ નિમિત્તે પાલખીયાત્રા પણ કાઢવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. આ ઉપરાંત મારૂતિ બીચ ખાતે 3 હજાર 500થી વધુ ભક્તોએ શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે પાર્થિવ શિવલિંગની પૂજા કરી હતી. આ અંગે શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ વધુ માહિતી આપી.

**(બાઇટ: વિજયસિંહ ચાવડા, જનરલ મેનેજર શ્રી સોમનાથ ટ્રસ્ટ)**

ભવનાથમાં ચાલી રહેલા મહાશિવરાત્રીના મેળાનું આજે સમાપન થશે. મેળાના અંતિમ તબક્કામાં સાધુ-સંતોની રવાડી અને મૃગી કુંડનું શાહી સ્નાન કેન્દ્રસ્થાને રહેતું હોય છે. સાંભળીએ જુનાગઢના અમારા પ્રતિનિધિનો અહેવાલ.

**(વોઇસ કાસ્ટ – સંજીવ મહેતા)**

દ્વારકા નજીક બાર જ્યોતિર્લિંગ પૈકીનું એક નાગેશ્વર મહાદેવ ખાતે શિવભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. ભક્તો મહાદેવને બીલીપત્ર, દૂધ અને જળાભિષેક કર્યા હતા.

# MAHASHIVRATRI-2

આ ઉપરાંત પાટણના સિદ્ધપુરમાં કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે મહાદેવની પાલખીઓનું પ્રસ્થાન કરાવ્યું હતું. 'છોટીકાશી' જામનગરના અનેક શિવાલયોમાં ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને મંદિરોમાં 'હર હર મહાદેવ'નો નાદ ગુંજ્યો હતો. બોટાદમાં બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર ખાતે 1 હજાર 111 રુદ્રાક્ષના શિવલિંગ અને 12 જ્યોતિર્લીંગ દર્શન અને આધ્યાત્મિક મેળાનું ઉદ્દઘાટન કરાયું. સાબરકાંઠા જિલ્લાના શિવાલયોમાં મહાભોજન અને વિશિષ્ટ પૂજાનું આયોજન કરાયું હતું. મહીસાગર જિલ્લામાં મહાશિવરાત્રી નિમિત્તે ભક્તોએ મહી નદીમાં શાહી સ્નાન કરી ધન્યતા અનુભવી હતી. કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં શિવ સિંધુ મહોત્સવનું આયોજન કરાયું, જેમાં 151 યુગલોએ દરિયાકિનારે શિવલિંગની પૂજા કરી હતી. દીવના પ્રાચીન ગંગેશ્વર મહાદેવ મંદિરે પણ મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા અને દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. ડાંગ જિલ્લાના પૌરાણિક શિવાલયોમાં ભક્તો પૂજા તેમજ દર્શન કરવા ઉમટી પડ્યા હતા.

# NAGARYATRA

આજે 26મી ફેબ્રુઆરીના રોજ અમદાવાદનો 614મો સ્થાપના દિવસ છે. 614 વર્ષ બાદ નગરદેવી ભદ્રકાળી માતા પ્રથમ વખત નગરયાત્રાએ નીકળ્યા હતા. ઢોલ, નગારા, શરણાઈ, ધજા અને જયકારા સાથે નગરદેવીની નગરયાત્રા યોજાઇ હતી. અમદાવાદ શહેર પોલીસ દ્વારા માતાજીને ગાર્ડ ઓફ ઓનર આપી ઢોલ, નગારા, શરણાઈ, ધજા અને ખુલ્લી જીપ અને વાહનો સાથે નગરજનોએ રથ સાથે નગરયાત્રા કરી હતી. નગરયાત્રામાં અનેક અખાડાઓ પણ જોડાયા હતા

નગરદેવીની યાત્રા જમાલપુર જગન્નાથ મંદિર ખાતે પહોંચતા મુસ્લિમ અગ્રણીઓ દ્વારા પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. અમદાવાદ મહાનગરપાલિકા ખાતે અધિકારીઓ અને પદાધિકારીઓએ મંદિરના ટ્રસ્ટીઓનું સ્વાગત કર્યું હતું. બપોર બાદ નગરયાત્રા જગન્નાથ મંદિરથી નિજમંદિર પરત ફરી હતી.

# MAHAKUMBH

પ્રયાગરાજમાં યોજાઈ રહેલા વિશ્વના સૌથી મોટા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મેળાવડા મહાકુંભનું આજે મહાશિવરાત્રીના દિવસે સમાપન થશે. 13 જાન્યુઆરીથી શરૂ થયેલા મહાકુંભમાં છ અઠવાડિયામાં અત્યાર સુધીમાં 64 કરોડ 60 લાખથી વધુ મુલાકાતીઓ આવ્યા છે, જે તેને વિશ્વનો સૌથી મોટો માનવતાનો મેળો બનાવે છે. આજે સાંજે 4 વાગ્યા સુધી, 1 કરોડ 32 લાખથી વધુ ભક્તોએ પવિત્ર સ્નાન કર્યું. આ મહાકુંભ દરમિયાન સલામત, સુરક્ષિત અને યાદગાર બને તે માટે અધિકારીઓ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. રેલ્વે સ્ટેશનો, રસ્તાઓ અને શહેરના પ્રવેશ દ્વારો પર ભક્તોનો સતત ધસારો જોવા મળી રહ્યો છે.

# ANIL JOSHI PM CONDOLENCE

ગુજરાતી સાહિત્યના પ્રખ્યાત કવિ અનિલ જોષીનું આજે મુંબઇ ખાતે અવસાન થયું છે. તેઓ 84 વર્ષના હતા. તેમના નિધન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કરીને તેમના પરિવારજનોને સાંત્વના આપી છે. શ્રી મોદીએ શોકસંદેશમાં જણાવ્યું હતુ કે આધુનિક સમયમાં અનિલ જોષીના સાહિત્ય ક્ષેત્રના યોગદાનને મહત્વપૂર્ણ ગણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે શ્રી જોશીને સાહિત્ય અકાદમી પુરસ્કાર અને નરસિંહ એવાર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# DUDH SAGAR DAIRY CNG

મહેસાણાની દૂધસાગર ડેરી તેમજ સુઝુકી રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઇન્ડિયા અને નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડના સંયુક્ત ઉપક્રમે મહેસાણા જિલ્લાના જગુદણ ખાતે રૂપિયા 50 કરોડના ખર્ચે 75 મેટ્રિક ટન જરૂરિયાત ધરાવતો બાયો સીએનજી પ્લાન્ટ સ્થાપવામાં આવશે. આ પ્લાન્ટ માટે પશુપાલકો પાસેથી દરરોજ 75 હજાર કિલોગ્રામ છાણ ગોબર એકઠું કરવામાં આવશે. જેમાંથી રોજનો પંદર સો કિલોગ્રામ શુદ્ધ બાયો સીએનજી ગેસ ઉતપન્ન થશે. જે સીએનજી વાહનોમાં બળતણ તરીકે ઉપયોગી થશે. આજુબાજુના પશુપાલકોને ગોબર થકી વધારાની આવક પણ થશે.

# AMRELI POCSO

અમરેલી સ્પેશ્યલ પોક્સો કોર્ટે એક જ દિવસમાં અલગ-અલગ ત્રણ દુષ્કર્મના કેસમાં ત્રણ આરોપીઓને અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા ફટકારી છે. આ કેસમાં સગીરા પર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. અદાલતે આ તમામ કેસમાં દરેક આરોપીને રૂ. 20 હજારનો દંડ ફટકાર્યો છે. સાથે જ પીડિતાઓને 4-4 લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.

# SURAT GANJO

સુરત ક્રાઈમ બ્રાંચે એક કિલો 300 ગ્રામના ગાંજાના જથ્થા સાથે બે આરોપીઓની ધરપકડ કરી હતી. સુરત શહેરના લાજપોર વિસ્તારમાંથી બે આરોપીઓની ગાંજાના જથ્થા સાથે ઝડપાઈ ગયા હતા.

સુરત ક્રાઈમ બ્રાંચે જપ્ત કરેલા આ ગાંજાની આંતરરાષ્ટ્રીય લેવલ કિંમત રૂપિયા 39 લાખ 90 હજાર જેટલી છે. પોલીસે આરોપીઓ પાસેથી ગાંજો, કાર, રોકડા રૂપિયા, 3 મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે.

હાલ સમગ્ર મામલે પોલીસે આરોપીઓ વિરુદ્ધ NDPS એક્ટ મુજબનો ગુન્હો નોધી આગળની તપાસ હાથ ધરી છે.